For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# વિદેશમાં નાણાં મોકલનારા ITના રડાર પર

**આવકવેરા** વિભાગની દેશવ્યાપી તપાસ, સરહદી રાજ્યોની 117 એન્ટિટી પણ સામેલ, સુરતમાં પણ 430 વ્યક્તિ નજરમાં

**છેલ્લાં** 3 વર્ષમાં મોટી રકમ વિદેશ મોકલનાર નકલી ટ્રસ્ટ, શેલ કંપનીઓ અને CAની ભૂમિકાની ચકાસણી

સુરતઃ વિદેશમાં નાણાં મોકનારા 430 લોકો અને નકલી ટ્રસ્ટો પર આવકવેરા વિભાગે દેશવ્યાપી તપાસ શરૂ કરી છે. ઓછું ટર્ન ઓવર બતાવનારા કે આઈટી રિટર્ન નહીં ફાઈલ કરનારા આ લોકો સામે દંડનીય કાર્યવાહી કરવા માટે આવકવેરા વિભાગે તજવીજ હાથ ધરતા ફફડાટ વ્યાપી ગયો છે.

કેન્દ્રીય પ્રત્યક્ષ કર બોર્ડ (CBDT) હેઠળ આવતા ઈન્કમ ટેક્સ વિભાગે શંકાસ્પદ વિદેશી રેમિટન્સની તપાસ માટે દેશભરમાં મોટા પાયે વેરિફિકેશન અભિયાન શરૂ કર્યું છે. નાણા મંત્રાલયે તા. 18 ઓગસ્ટ 2026 ના રોજ આ અંગે અખબારી યાદી જાહેર કરીને માહિતી આપી હતી. વિભાગના જણાવ્યા મુજબ છેલ્લા 3 વર્ષના આઉટવર્ડ ફોરેન રેમિટન્સના ડેટા અને ગ્રાઉન્ડ ઈન્ટેલિજન્સના આધારે ઘણી

...અનુસંધાન પાના 5 પર

### વિદેશમાં નાણાં મોકલનારા મોટાભાગના રિટર્ન ફાઈલ કરતા નથી

પ્રાથમિક ચકાસણીમાં ખુલાસો થયો કે આ રેમિટન્સ કરનાર મોટાભાગની એન્ટિટી ક્યાં તો ITR ફાઈલ કરતી જ નહોતી અથવા ખૂબ જ ઓછો ટર્નઓવર બતાવતી હતી. તેમનો ટર્નઓવર અને વિદેશ મોકલેલી રકમ વચ્ચે કોઈ સંબંધ જોવા મળ્યો નહીં. ફ્રેઈટ, સોફ્ટવેર અથવા કન્સલ્ટિંગ સર્વિસની આડમાં મોટી રકમ મોકલવામાં આવી હતી. ઉપરાંત આ એન્ટિટી તેમના જાહેર કરેલા સરનામા પર કાર્યરત પણ નહોતી. વધુ તપાસમાં એ પણ સામે આવ્યું કે Form 15CB ના સર્ટિફિકેટ એક નાના જૂથના પ્રોફેશનલ્સ દ્વારા મોટી સંખ્યામાં જારી કરવામાં આવ્યા હતા. રેમિટ કરેલી રકમ પણ ચોક્કસ એન્ટિટીના જૂથ દ્વારા જ પ્રાપ્ત કરવામાં આવી હતી.

### 394 એન્ટિટી અને 36 પ્રોફેશનલ્સની તપાસ

18.08.2026 ના રોજ વિભાગે શેલ એન્ટિટી, તેમની પાછળના લોકો અને Form 15CB જારી કરનાર પ્રોફેશનલ્સની વિગતવાર ચકાસણી શરૂ કરી છે. દેશની જમીન સરહદ સાથેના જિલ્લાઓમાંથી મોટી રકમ વિદેશ મોકલનાર એન્ટિટીને પણ આ અભિયાનમાં સામેલ કરવામાં આવી છે. આ અભિયાનમાં કુલ લગભગ 394 એન્ટિટી, જેમાં સરહદી રાજ્યોની 117 એન્ટિટીનો સમાવેશ થાય છે અને 36 પ્રોફેશનલ્સને આવરી લેવામાં આવ્યા છે.

### મની લોન્ડરિંગના કેસો ખૂલશે

સીએ પ્રજ્ઞેશ જગાશેઠે કહ્યું કે, ટેક્સ ભર્યા વિના વિદેશમાં નાણાં મોકલવો એ મોટો ગુનો છે. મની લોન્ડરિંગનો કેસ બને છે. તે દેશના અર્થતંત્રને મોટું નુકસાન પહોંચાડે છે. સીબીડીટી દ્વારા આવકાર્ય પગલું ભરાયું છે. મોટા પાયે મનલોન્ડરિંગના કેસો બહાર આવવાની શક્યતા છે.










## વરાછા, માતાવાડીની શીતલ રેસ્ટોરન્ટમાંથી મંગાવેલા પાર્સલનું

# પંજાબી શાક ખાધા બાદ પાંચને ફૂડ પોઈઝનિંગ, 4 વર્ષની બાળાનું મોત



**15મીની** રાત્રે પંજાબી શાક સહિતનું પાર્સલ અશોક કલસરીયાના પરિવારે મંગાવ્યું હતું

**જમ્યા** બાદ સવારે અશોકભાઈ અને પુત્રી આર્યાને ઊલટીઓ થઈ, બીજા દિવસે તમામને અસર

**તાત્કાલિક** પરિવારના તમામ પાંચને હોસ્પિટલમાં લઈ જવાતા આર્યાને મૃત જાહેર કરાઈ

### ફોરેન્સિક પોસ્ટમોર્ટમ બાદ નમૂના તપાસ માટે મોકલાયા

માસૂમ બાળકી આર્યાનું સ્મીમેર હોસ્પિટલમાં ફોરેન્સિક પેનલ દ્વારા પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. ફોરેન્સિક તબીબ ડો. સંદીપ રલોતીએ જણાવ્યું હતું કે, બાળકીના જરૂરી નમૂનાઓ હિસ્ટોપેથોલોજી વિભાગમાં મોકલવામાં આવ્યા છે. જઠરમાં કોઈ શંકાસ્પદ પદાર્થ હતો કે નહીં તે જાણવા માટે જરૂરી નમૂનાઓ તથા અન્ય વિશેરા એફએસએલમાં મોકલવામાં આવ્યા છે. હિસ્ટોપેથોલોજી, માઇક્રોબાયોલોજી અને એફએસએલના રિપોર્ટ આવ્યા બાદ જ બાળકીના મોતનું ચોક્કસ કારણ સ્પષ્ટ થશે.

### શું 460 રૂપિયાનું જમવાનું બન્યું મોતનું કારણ? કાજુ-પનીર સહિત બે શાક મંગાવ્યાં

કલસરિયા પરિવારે 15 ઓગસ્ટની રાત્રે માતાવાડી ખાતે આવેલી શીતલ રેસ્ટોરન્ટમાંથી કુલ 460 રૂપિયાનું જમવાનું મંગાવ્યું હતું. જેમાં કાજુ પનીર સહિત બે પ્રકારના શાકનો સમાવેશ થતો હતો. પરિવારના તમામ સભ્યોએ આ જમવાનું આરોગ્યા

...અનુસંધાન પાના 5 પર

સુરતઃ વરાછામાં માતાવાડી ખાતેના શીતલ રેસ્ટોરન્ટમાંથી મંગાવેલું જમવાનું પુણા, બોમ્બે માર્કેટ રોડ વિસ્તારમાં રહેતા એક પરિવાર માટે મુસીબત સાબિત થયું છે. 15 ઓગસ્ટની રાત્રે પરિવારજનોએ આ રેસ્ટોરન્ટનું પંજાબી શાક ખાધા બાદ પરિવારના પાંચ સભ્યોની તબિયત લથડી હતી. ઉલ્ટી અને પેટમાં દુઃખાવા સહિતની તકલીફ બાદ તમામને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવતા માત્ર ચાર વર્ષની માસૂમ બાળકી આર્યાનું મોત થતાં પરિવાર પર આભ તૂટી પડ્યું હતું.

સ્મીમેર હોસ્પિટલથી મળતી માહિતી મુજબ, મૂળ અમરેલીના રાજુલાના બાબરીયા ગામના વતની અને સુરતમાં પુણા, બોમ્બે માર્કેટ રોડ પર આવેલી રણુજાધામ સોસા.માં રહેતા 35 વર્ષીય અશોક ચકુરભાઈ કલસરિયા હોટફિક્સનું કામ કરે છે. પરિવારમાં તેમની પત્ની

...અનુસંધાન પાના 5 પર

## શીતલ રેસ્ટોરન્ટ સીલ, ગંદકી મળતાં 25 હજારનો દંડ પણ કરાયો



સુરતઃ એક જ પરિવારના પાંચને ફુડ પોઈઝનિંગની ઘટનામાં મનપાના આરોગ્ય અને ફુડ વિભાગની ટીમે વરાછા, માતાવાડીની શીતલ રેસ્ટોરન્ટ પર સઘન ચેકિંગ કરતાં રેસ્ટોરન્ટમાં ભારે ગંદકી, સડેલી-ફૂગવાળી દાળ અને એસિડના કેરબા સહિત અત્યંત અસ્વચ્છ સ્થિતિ મળી આવી હતી. જેથી મનપાએ રેસ્ટોરન્ટને ગંદકી બદલ 25 હજારનો દંડ કરવાની સાથે રેસ્ટોરન્ટને સીલ મારી દીધું હતું. મનપા દ્વારા શીતલ હોટલમાંથી કુલ 4 નમુના લેવામાં આવ્યા છે. જેમાં 2 પ્રી-પેર્ડ ફુડ પનીર સબ્જી અને મિક્સ વેજિટેબલ સબ્જીના

...અનુસંધાન પાના 5 પર

## ફૂડ પોઈઝનિંગથી બાળકીના મોતમાં ત્વરિત કાર્યવાહી કરોઃ પાનશેરીયા

સુરત : વરાછા વિસ્તારમાં ફૂડ પોઈઝનિંગની ઘટનામાં પાંચ વર્ષીય બાળકીના મોતને પગલે રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ સમગ્ર મામલાની ગંભીરતાથી નોંધ લઈ તાત્કાલિક તપાસના આદેશ આપ્યા છે. આરોગ્ય મંત્રીએ જિલ્લા આરોગ્ય અધિકારી ડો. અનિલ પટેલ તથા સુરત મહાનગરપાલિકાના ડો. ઉમરીગર સાથે વીડિયો કોન્ફરન્સ દ્વારા ચર્ચા કરી ઘટનાની વિગતો મેળવી હતી. આરોગ્ય મંત્રીએ સુરત જિલ્લા આરોગ્ય અધિકારી અને SMCના સંબંધિત અધિકારીને પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપી છે. ઘટના સાથે સંકળાયેલી શીતલ રેસ્ટોરન્ટને તાત્કાલિક સીલ કરવાની પણ સૂચના આપવામાં આવી હતી. અસરગ્રસ્ત પરિવારને તાત્કાલિક અને યોગ્ય તબીબી સારવાર મળી રહે તેમજ ઘટનાની તપાસ ઝડપી બને તે માટે સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. ફૂડ પોઈઝનિંગની અસર બાદ

...અનુસંધાન પાના 5 પર

# શાળામાં ‘ગુડ ટચ- બેડ ટચ’ની મળેલી સમજથી બાળકીએ નરાધમને પકડાવ્યો

**અમરોલીમાં** રમતી ૮ વર્ષીય બાળકીને લઈ જઈ ગુપ્તાંગમાં અડપલાં કરનાર રત્નકલાકાર ઝડપાયો

**નરાધમની** ચુંગાલમાંથી છૂટી માતાને આપવીતી કહેતા મામલો સામે આવ્યો

સુરતઃ અમરોલી જૂના કોસાડ રોડ પર આવેલી એક સોસાયટીના કેમ્પસમાં રમતી ૮ વર્ષીય માસૂમ બાળકીને કેમ્પસમાં આવેલા મંદિર પાછળ લઈ જઈ રમાડવાના બહાને ગુપ્તાંગમાં આંગળી નાંખી શારીરિક અડપલા કરતાં મામલો પોલીસમાં પહોંચ્યો હતો. પોલીસે કાર્યવાહકારી નરાધમ 39 વર્ષીય રત્નકલાકારની ધરપકડ કરી લીધી છે. શાળામાં

...અનુસંધાન પાના 5 પર

### આરોપીના ત્રણ મહિના પહેલાં છૂટાછેડા થયા હતા

આ મામલે પરિવારજનોએ અમરોલી પોલીસનો સંપર્ક કરતાં પોલીસે તાત્કાલિક ગુનો નોંધી આરોપી સોહાગ સુતરિયાની અટકાયત કરી લીધી છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, આરોપી રત્નકલાકાર છે અને ત્રણ મહિના પહેલાં જ તેના છૂટાછેડા થયા હતા. હાલ તે પોતાના માતા-પિતા અને ભાઈ સાથે રહે છે. અમરોલી પોલીસે આ સંદર્ભે પોક્સો સહિતની કલમો હેઠળ આગળની તપાસ તેજ કરી છે.

# દરિયામાં ડૂબતી બોટમાંથી નવ માછીમારનું હેલિકોપ્ટરથી રેસ્ક્યુ

**નવસારીના** ધોલાઈ નજીકની ‘જયમાલા’ બોટમાં યાંત્રિક ખામી સર્જાયા બાદ બોટમાં પાણી ભરાવાનું શરૂ થયું હતું

**સાત** માછીમાર સુરતના કનસાડના, જ્યારે બે જલાલપોરના કૃષ્ણપુર ગામના રહેવાસી



નવસારી, બીલીમોરા, દમણઃ બીલીમોરા નજીક ધોલાઈ બંદરથી આશરે ૨.૫ નોટિકલ માઈલ દૂર જયમાલા નામની બોટમાં મંગળવારે ટેક્નિકલ ખામી સર્જાતા તેનું એન્જિન ખોટકાયું હતું. બોટમાં પાણી ભરાવા લાગતાં તે ડૂબવાની કગાર પર પહોંચે તે પહેલાં જ બોટમાં સવાર 9 માછીમારોના જીવ જોખમમાં મુકાઈ જવા પામ્યા હતાં.

જલાલપોરના કૃષ્ણપુર ગામથી ‘જયમાલા’ નામની બોટ માલિક દીપક ટંડેલ સહિત કુલ ૯ ખલાસીને લઈને વલસાડ તરફ જવા જતી હતી. જેના પગલે બોટમાં સવાર વ્યક્તિઓ દ્વારા આપતકાલીન રેસ્ક્યુ માટે કોલ કરાયો હતો. રેસ્ક્યુ કોલ મળતાં જ નવસારી જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીની સૂચના અને માર્ગદર્શન હેઠળ વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક બચાવ ઓપરેશન હાથ ધરાયુ હતું અને એનડીઆરએફની ટીમને ધોલાઈ બંદરે રવાના કરાઈ હતી. ધોલાઈ બંદર ભરતી ઓટ આધારિત પાણી ઉપર નિર્ભર છે. જે પરિસ્થિતિને ધ્યાનમાં લેતા બોટમાં સવાર વ્યક્તિઓનું હેલિકોપ્ટર મારફતે રેસ્ક્યુ કરવું જરૂરી જણાતા જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીએ કોસ્ટગાર્ડના ડીઆઈજી સાથે તાત્કાલિક સંપર્ક કરી હેલિકોપ્ટરની વ્યવસ્થા કરાવી

...અનુસંધાન પાના 5 પર

## બારડોલી સુગરની ચૂંટણીએ સહકાર ક્ષેત્રને હચમચાવી નાંખ્યું

# ભાજપના ધારાસભ્ય, પૂર્વ જિ.પંચાયત પ્રમુખ સહિત અનેક દિગ્ગજો હારી ગયા

**ચૂંટણીમાં** સભાસદો દ્વારા કિસાન પરિવર્તન પેનલને આવકાર, વર્તમાન સહકાર પેનલનો સફાયો

**14** બેઠક પર કિસાન પરિવર્તન પેનલની જીત, બિનઉત્પાદક મંડળી બેઠક પર સહકાર પેનલનો ઉમેદવાર બિનહરીફ ચુંટાયો



બારડોલીઃ એશિયામાં સહકારી ક્ષેત્રનું સૌથી મોટી ગણાતી બારડોલી સુગર ફેક્ટરીમાં ચોંકાવનારું પરિણામ આવ્યું હતું. માજી કેબિનેટ પ્રધાન અને બારડોલીના ધારાસભ્ય ઈશ્વર પરમાર અને માજી જિલ્લા પંચાયત પ્રમુખ ભાવેશ પટેલ, સુરત જિલ્લા ખેડૂત સમાજના પ્રમુખ પરિમલ પટેલ સહિત સહકાર પેનલના તમામ ઉમેદવારોની કારમી હાર થઈ હતી. સુગર ફેક્ટરીમાં મુકેશ પટેલની કિસાન પરિવર્તન પેનલની તમામ 14 બેઠક પર જીત થતાં સમર્થકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. જોકે, બિન ઉત્પાદક મંડળી બેઠક પર સહકાર પેનલના એક માત્ર ઉમેદવાર અનિલ પટેલ (કરચકા) બિનહરીફ વિજેતા થયા હતા. આ પરિણામને પગલે દક્ષિણ ગુજરાતના સહકારી ક્ષેત્રમાં ખળભળાટ વ્યાપી ગયો હતો.

બારડોલી સુગર ફેક્ટરીની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી રવિવારના રોજ યોજાઈ હતી, જેમાં 43.82 ટકા જેટલું મતદાન થયું હતું. રવિવારના રોજ સવારે 9 વાગ્યાથી ચૂંટણી અધિકારી જીજ્ઞા પરમારની દેખરેખ હેઠળ કન્યા વિદ્યાલય અસ્તાન ખાતે મત ગણતરી શરૂ થઈ હતી. શરૂઆતના રાઉન્ડમાં જ પરિવર્તન પેનલ આગળ જણાતા વર્તમાન શાસક સહકાર પેનલની છાવણીમાં સોપો પડી ગયો હતો. એક પછી એક પરિણામ કિસાન પરિવર્તન પેનલની તરફેણમાં આવતા સમર્થકો મેદાન છોડીને ચાલતા થયા હતા. બારડોલી સુગર ફેક્ટરીમાં સહકાર પેનલના કર્ણધાર અને વર્ષો સુધી

...અનુસંધાન પાના 5 પર

### સહકાર પેનલની હારનાં કારણો સોશિયલ મીડિયા પર વાયરલ

બારડોલીઃ બારડોલી સુગર ફેક્ટરીની ચૂંટણીનાં પરિણામો જાહેર થયા બાદ સહકાર પેનલના અણધાર્યા પરાજયને લઈને સહકારી અને રાજકીય વર્તુળોમાં ભારે ગરમાવો આવી ગયો છે. ચૂંટણી પરિણામો બાદ પેનલની હાર પાછળ જવાબદાર મુખ્ય પરિબળો અને કારણોનું વિશ્લેષણ કરતી પોસ્ટ્સ સોશિયલ મીડિયા પર જોરશોરથી વાયરલ થઈ રહી છે, જેને પગલે સહકારી માળખામાં ગંભીર મનોમંથનની જરૂરિયાત ઊભી થઈ છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલી વિગતો અનુસાર, સહકારી સંસ્થાઓમાં અતિશય રાજકીય હસ્તક્ષેપ અને વંશપરંપરાગત પ્રભાવ આ પરાજય પાછળનું પ્રથમ અને મુખ્ય કારણ માનવામાં આવી

...અનુસંધાન પાના 5 પર

### પરિવર્તનના પવનમાં ખેડૂતોના હામી ગણાતા પરિમલ પટેલની હાર

બારડોલી સુગર ફેક્ટરીની ચૂંટણીમાં સહકાર પેનલના ઉમેદવાર અને વર્તમાન ડિરેક્ટર પરિમલ પટેલને મોટી હારનો સામનો કરવો પડ્યો છે. સુરત જિલ્લા ખેડૂત સમાજના પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળતા પરિમલ પટેલ હંમેશાં વિસ્તારના ખેડૂતોના પ્રશ્નોને વાચા આપવા માટે જાણીતા છે. ખેડૂતોના હિતેચ્છુ તરીકે ઓળખાતા પરિમલ પટેલે ભૂતકાળમાં ખેડૂતોની સમસ્યાઓ ઉકેલવા માટે સરકાર સામે ખૂલીને વિરોધ પણ નોંધાવ્યો હતો. ખાસ કરીને વીજલાઇનમાં જતી ખેડૂતોની જમીનનું સારું અને યોગ્ય વળતર

...અનુસંધાન પાના 5 પર

### NRI પાછળનો ખર્ચ કોને ફળ્યો અને કોને માથે પડ્યો?

બારડોલી સુગર ફેક્ટરીની ચૂંટણીમાં બંને પક્ષોએ એનઆરઆઇ (NRI) મતદારોને ટિકિટનો ખર્ચ આપીને ખાસ બોલાવ્યા હતા. જોકે, આ ખર્ચ એક પક્ષ માટે ફાયદાકારક રહ્યો છે, તો બીજા પક્ષ માટે નુકસાનકારક સાબિત થયો છે. પરિવર્તન પેનલ દ્વારા એનઆરઆઇ મતદારો પાછળ કરવામાં આવેલો ખર્ચ તેમને ફળ્યો છે અને આ પગલું તેમના માટે અત્યંત ફાયદાકારક સાબિત થયું છે. જ્યારે બીજી તરફ સહકાર પેનલ દ્વારા કરવામાં આવેલો આ જ ખર્ચ તેમને માથે પડ્યો છે અને તેમના માટે તે સંપૂર્ણપણે નુકસાનકારક રહ્યો છે.

## દેશના ‘ફૂડ કેપિટલ’ સુરતમાં લોકોના આરોગ્ય સાથે રમાતી રમત ગંભીર

# ઘટના બને ત્યારે જ તપાસનાં નાટક કેમ? આગોતરા ચેકિંગ કેમ થતું નથી?

**ફૂડ** પોઈઝનિંગમાં બાળકીએ જીવ ગુમાવ્યો અને ત્યારે તંત્ર સેમ્પલ્સ લેવા નીકળ્યું, પણ ઘટના બન્યા પછી સેમ્પલ લેવાનો શું અર્થ?

સુરતઃ સુરત શહેર, જેને દેશની ‘ફૂડ કેપિટલ’ કહેવામાં આવે છે, ત્યાં નાગરિકોના આરોગ્ય સાથે રમાતી રમત હવે એક ગંભીર અને ચિંતાજનક વિષય બની ગઈ છે. સુરત મહાનગરપાલિકાનું આરોગ્ય અને ફૂડ વિભાગ આખું વર્ષ ઘોર નિદ્રામાં રહે છે અને જ્યારે કોઈ મોટો તહેવાર આવે, કે જ્યારે કોઈ મોટી ઘટના બને ત્યારે અચાનક ‘કાર્યવાહી’ના નામે નાટક શરૂ કરે છે. ફુડ પોઈઝનિંગને કારણે સુરતમાં એક બાળકીએ જીવ ગુમાવ્યો ત્યારે પ્રશ્ન એ થાય છે કે, શું દૂષિત ખોરાક અને ભેળસેળ માત્ર અમુક સમયે પૂરતા જ થાય છે? આખું વર્ષ સુરતીઓ જે કઈ પણ ખાય છે, તેની ગુણવત્તા તપાસવાની જવાબદારી કોની?

આરોગ્ય અને ફૂડ વિભાગની આ મોસમ-આધારિત કામગીરી તદ્દન નબળી અને બિનજવાબદાર માનસિકતાનું ઉત્તમ ઉદાહરણ છે. તહેવારોમાં બનાવટી મીઠાઈઓ,

...અનુસંધાન પાના 5 પર

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
| --- | --- | --- |
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
| --- | --- | --- | --- |
| | ₹ ૪૫૦૦/- | ₹ 3000/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

જૈન દશા ઓસવાલ રાજ જિલ્લા પ્રાર્થના સભા



સ્વ. ચંદનબેન ધરમચંદ શાહ

દિલગીરી સહ જણાવવાનું કે, અમારા પૂજ્ય માતૃશ્રી ચંદનબેન ધરમચંદ શાહ તા. ૧૮.૦૮.૨૦૨૬ મંગળવારના રોજ અરિહંત શરણ થયા છે.

સદગતની પ્રાર્થનાસભા તા. ૧૯.૦૮.૨૦૨૬, બુધવારના રોજ બપોરે ૩:૦૦ થી ૫:૦૦ કલાક સુધી ‘‘ભરતિયા હોલ’’, સુરત પાંજરાપોળ ટ્રસ્ટ, ઘોડદોડ રોડ, સુરત ખાતે રાખવામાં આવેલ છે.

શોકાતૂર પરિવારઃ
જયેશભાઈ ધરમચંદ શાહ
રેખાબેન જયેશભાઈ શાહ
વિપુલ ધરમચંદ શાહ – પ્રીતિ વિપુલ શાહ
ઉષાબેન સુરેશભાઈ શાહ

પ્રથમ પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



નયનાબેન નવનીતલાલ લાકડાવાલા
જન્મ તા. ૨૩/૦૫/૧૯૫૩ | સ્વ. તા. ૧૯/૦૮/૨૦૨૫

સમય જીંદગીનો ઓછો હશે કયાં ખબર હતી, વિદાય તમારી અણધારી હશે કયાં ખબર હતી. જીવન એવું જીવી ગયા કે સૌ જોયા કરે. ફરજ અને વ્યવહારથી કદી ચુકયા નહીં. ધર્મ કદી ભૂલ્યા નહીં. સારા સંસ્કાર આપ્યા. હયાત નથી તમે પણ સાથે હોય એવું લાગ્યા કરે છે. યાદોમાં હંમેશા તમારા પ્રત્યક્ષ દર્શન થયા કરે છે. હજી જોઈતો હતો તમારો સંગાથ. પ્રભુ આપના આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના..

નવનીતલાલ લાકડાવાલા

લિ.
પ્રિમલ નવનીતલાલ લાકડાવાલા | પૂજા પ્રિમલ લાકડાવાલા
જીગર નવનીતલાલ લાકડાવાલા | વૈશાલી જીગર લાકડાવાલા
જતિન અરુણભાઈ દલાલ (જમાઈ) | પિન્કી જતિનભાઈ દલાલ (પુત્રી)
રાજેન ધનસુખભાઈ લાકડાવાલા | પિનલ રાજેન લાકડાવાલા
જીતેશ ધનસુખભાઈ લાકડાવાલા | રાધા જીતેશ લાકડાવાલા

દુઃખદ અવસાન સંયુક્ત બેસણું



સ્વ. વિજયભાઈ જેરામભાઈ પટેલ
જન્મ તા.: ૦૧-૦૯-૧૯૫૪
સ્વ.તા: ૧૭-૦૮-૨૦૨૬

દિલગીરી સહ જણાવવાનું કે અમારા પિતાશ્રી વિજયભાઈ જેરામભાઈ પટેલનું તાઃ ૧૭-૦૮-૨૦૨૬ સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું સંયુક્ત બેસણું ગુરૂવારે તા. ૨૦-૦૮-૨૦૨૬ના રોજ સવારે ૧૦.૦૦ થી ૧૨:૦૦ દરમ્યાન અમારા નિવાસ સ્થાને રાખેલ છે. લૌકિક રિવાજ બંધ છે.

લિ.
સ્વ. જેરામભાઈ કાનજીભાઈ પટેલ | સ્વ. પાનીબેન જેરામભાઈ પટેલ
સ્વ. મોહનભાઈ કાનજીભાઈ પટેલ | ગં.સ્વ.ગંગાબેન મોહનભાઈપટેલ
ગં.સ્વ.જયાગૌરી વિજયભાઈ પટેલ(પત્ની) | કેયુરભાઈ વિજયભાઈ પટેલ(પુત્ર)
વિક્રમભાઈ જેરામભાઈ પટેલ(ભાઈ) | નયનાબેન વિક્રમભાઈ પટેલ
ઉત્કર્ષભાઈ વિક્રમભાઈ પટેલ(ભત્રીજો) | મીનલબેન ઉત્કર્ષભાઈપટેલ
સ્વ. પ્રદિપભાઈ મોહનભાઈ પટેલ | ગં.સ્વ.અનિતાબેન પ્રદિપભાઈપટેલ
શૈલેષભાઈ મોહનભાઈ પટેલ | નિતાબેન શૈલેષભાઈપટેલ
વિયા, દિતી, દિત્ય, સાનવી તથા સમસ્ત પરિવાર

બેસણાનું સ્થળ : A-13-14, ભાગ્યલક્ષ્મી સોસાયટી-૨, પીપલોદ, સુરત

દુઃખદ અવસાન-બેસણું



સ્વ. દિનેશભાઈ મગનભાઈ પટેલ
સ્વ.તા.૧૮/૦૮/૨૦૨૬

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પિતાશ્રી/ભાઈશ્રી સ્વ. દિનેશભાઈ મગનભાઈ પટેલ (ગામઃ શેરડી) નું અવસાન તા.૧૮/૦૮/૨૦૨૬ ને મંગળવારના રોજ થયેલ છે. પરમકૃપાળુ પરમાત્મા સદ્ગતનાં આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

સદ્ગતનું બેસણુંઃ તા.૨૨/૦૮/૨૦૨૬, શનિવાર
સમયઃ સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ કલાકે
બેસણાનું સ્થળઃ પટેલ પ્રગતિ મંડળની વાડી, હનીપાર્ક રોડ, અડાજણ, સુરત. (લૌકિક રિવાજ બંધ છે)

શોકાતુર
વત્સલ દિનેશભાઈ પટેલ
દિપકભાઈ મગનભાઈ પટેલ
તથા સમસ્ત પરિવાર